

# સ્ટુડન્ટ્સને ગાઈડન્સ અપાયું

ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી-ગાંધીનગરમાં તાજેતરમાં સ્ટુડન્ટ્સ માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં સંસ્થાના ડિરેક્ટર પ્રોફેસર સુધિર જૈને સ્ટુડન્ટ્સને અલગ-અલગ ઇન્સ્ટિટ્યૂટ્સમાં એન્જિનિયરિંગ બ્રાન્ચ કેવી રીતે પસંદ કરવી તેની માહિતી આપી હતી. આ સેશનમાં જે સ્ટુડન્ટ્સે જેઇઇ એડ્વાન્સની એક્ઝામ આપી હોય તેમને ગાઇડન્સ અપાયું હતું. આવું જ એક ઓપન હાઉસ ૧૪ જૂને યોજાશે. જેમાં જેઇઇ એડવાન્સ ક્લિયર કરનારા સ્ટુડન્ટ્સને ગાઇડન્સ આપવામાં આવશે. આ ઉપરાંત સ્ટુડન્ટ્સને આઇઆઇટીમાં એડમિશન પ્રોસેસ અને સ્ટુડન્ટ લાઇફ કેવી છે તે વિશેની માહિતી પણ અપાઇ હતી.



